ગાંધીનગર સમાચાર

સેંસેક્સ-નિફ્ટી ઓલટાઈમ હાઈ

મુંબઈ, તા. ૨૩

શેરબજારમાં નરેન્દ્ર મોદી ઈફેક્ટ જોવા મળી રહી છે. આજે પણ સેંસેક્સ અને નિફ્ટી નવી ઉંચી સપાટીએ રહ્યા હતા. ઈન્ડેક્સ હેવીવેઈટ એસબીઆઈમાં બે આંકડામાં લાભના અહેવાલ બાદ બજારમાં તેજી જામી હતી. સેંસેક્સ અને નિફ્ટી બંને નવી ઓલટાઈમ સપાટીએ બંધ રહ્યા હતા. સેંસેક્સ ૩૧૯ પોઈન્ટ ઉછળીને ૨૪૬૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯૧ પોઈન્ટ ઉછળીને ૭૩૬૭ની સપાટીએ રહ્યો હતો. એસબીઆઈમાં કારોબાર બંધ થવા વેળા ૧૦ ટકાનો ઉછાળો નોંધાયો હતો. પાવરના શેરમાં પણ તેજી જામી હતી. અન્ય પીએસયુ શેરમાં જોરદાર લેવાલી રહી હતી. કોલ ઈન્ડિયા અને ભેલમાં બે ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે અન્ય ઘણા હકારાત્મક પરિબળો જવાબદાર રહ્યા હતા. એસબીઆઈમાં મે ૨૦૧૧ બાદથી સૌથી ઉંચી સપાટી જોવા મળી હતી. ઓએનજીસી, આઈઆરએલમાં પણ ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. એસબીઆઈના પરિણામ જાહેર કરાયા બાદ તેની સીધી અસર શેરબજાર ઉપર થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે પણ તેજીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ગઈકાલે ૭૬ પોઈન્ટ ઉછળીને ૨૪૩૭૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪ પોઈન્ટ ઉછળીને ૭૨૭૬ની સપાટીએ રહ્યો હતો. આજે તેમાં વધુ સુધારો જોવા મળ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ બુધવારના દિવસે ૨૬૬.૨૨ કરોડની કિંમતના શેરનું વેચાણ કર્યું હતું. સ્ટોક એક્સચેંજ પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આગામી સરકાર માટે નાણાં મંત્રાલય દ્વારા નવી યોજના તૈયાર કરી લેવામાં આવી છે. આ નવી યોજનાના ભાગરુપે સબસિડી અને કલ્યાણ

યોજનાઓના ખર્ચ કાપની દરખાસ્ત મુકાઈ છે. વર્તમાન વર્ષની નાણાંકીય ખાધને ઘટાડવા અને ૨૫ હજાર કરોડ બચાવી લેવાની આ યોજના છે. નરેન્દ્ર મોદી સરકાર વિકાસનો મોરચે તથા સુધારાના મોરચે ઝડપથી આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બ્રોડર માર્કેટમાં સતત પાંચમા સેશનમાં તેજી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે-બે ટકાનો ઉછાળો રહેતા તેમની સપાટી ક્રમશઃ ૮૬૬૮ અને ૯૧૨૮ રહી હતી. એશિયન બજારમાં પણ આજે એક વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. શેરબજારમાં આજે જામેલી તેજીના કારણે કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. છેલ્લા ઘણા દિવસથી મોદી અસર શેરબજારમાં જોવા મળી રહી છે. માર્કેટ બ્રીડ્થ આજે મજબૂત રહી હતી. ૩૧૨૮ શેરમાં કારોબાર થયો હતો. જે પૈકી ૨૧૯૩ શેરમાં તેજી અને ૮૪૬ શેરમાં મંદી રહી હતી.

જામીન બોન્ડ જમા કરવા કેજરીવાલનો ઇનકાર

બદનક્ષી પ્રકરણ : કેજરીવાલ છઠ્ઠી જૂન સુધી જેલમાં રહેશે

નવીદિલ્હી, તા. ૨૩

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડીમાં આજે છઠ્ઠી જૂન સુધી લંબાવી દેવામાં આવી હતી. આનો મતલબ એ થયો કે, કેજરીવાલ છઠ્ઠી જૂન સુધી જેલમાં રહેશે. બે દિવસની જ્યુડિશિય કસ્ટડીની અવધિ આજે પુરી થયા બાદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા પરંતુ કેજરીવાલે આજે ફરી જામીન બોન્ડ જમા કરવાનો ઈનકાર કરી દીધો હતો. નીતિન ગડકરી બદનક્ષી કેસમાં જામીન માટે બોન્ડ ચુકવવાનો કેજરીવાલે ઈન્કાર કર્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ તિહાર જેલમાંથી લાવવામાં આવ્યા બાદ કેજરીવાલને ભરચક કોર્ટ રૂમમાં રજૂ કરવામાં આવ્યા હતા. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે કહ્યું હતું કે, ૨૧મી મેના તેમના આદેશની તેઓ સમીક્ષા કરશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કેજરીવાલને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલી બદનક્ષીની ફરિયાદના સંબંધમાં બે દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. કેજરીવાલે ૧૦૦૦૦ રૂપિયાના જામીન બોન્ડ ચુકવવાનો ઈન્કાર કર્યા બાદ કોર્ટે આ પગલા લીધા હતા. ગડકરીને ભ્રષ્ટ વ્યક્તિ તરીકે ગણાવીને વિવાદ છેડ્યા બાદ કોર્ટ દ્વારા કેજરીવાલ સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. બીજી બાજુ ભાજપના નેતા ગડકરીના વકીલે કેજરીવાલની અરજી સામે વિરોધ કર્યો હતો. ગડકરીએ ફરિયાદમાં કહ્યું હતું કે, ૩૧મી જાન્યુઆરીના દિવસે કેજરીવાલે ભારતના સૌથી ભ્રષ્ટ લોકોની યાદી જારી કરી હતી જેમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગડકરીએ કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, તેમની સામે કેજરીવાલ દ્વારા ખોટા, આધારવગરના અને બદનક્ષીના નિવેદન કરવામાં આવ્યા છે. કેજરીવાલ હંમેશા બિનજરૂરી રીતે વિવાદમાં રહ્યા છે. દિલ્હીમાં મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યા બાદ પણ તેમની વ્યાપક ટીકા થઈ હતી.

મોદીની શપથવિધી : રાષ્ટ્રપતિ ભવનને કિલ્લામાં ફેરવી દેવાશે

વિશ્વના દેશોના લીડરો પહોંચશે : સ્નીપર્સ , એર ડિફેન્સની પણ સુરક્ષા ગોઠવાશે :૫૦૦૦થી વધુ જવાન તૈનાત રહેશે

નવી દિલ્હી,તા. ૨૩

નરેન્દ્ર મોદી ૨૬મી મેના દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. આ હાઈ પ્રોફાઈલ શપથવિધીમાં વિશ્વના કેટલાક દેશોના વડાને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. જેના કારણે સમગ્ર દિલ્હીને લશ્કરી છાવણીને ફેરવી દેવામાં આવશે. રાષ્ટ્રપતિ ભવનની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા રહેશે. મોદીની શપથવિધી વેળા કોઈ પમ નીચાણમાં ઉડાંણ ભરનાર વિમાનની અવરજવરને ધ્યાનમાં રાખાવામાં આવશે. આના માટે એર ફોર્સના એર ડિફેન્સ સિસ્ટમને સક્રિય રાખવામાં આવસે. દિલ્હીમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. નામ જાહેર નહી કરવાની શરતે એક સુરક્ષા અધિકારીએ કહ્યું હતું કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં જેટલી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે છે તેટલી જ સુરક્ષા રાખવામાં આવશે. સાર્ક દેશોમાંથી આવનાર પ્રવાસી વડા અને તેમના પ્રતિનિધીઓના પ્રવેશ અને બહાર જવાના માર્ગને નિયંત્રિત કરવા માટે હાઈ સિક્યુરિટી ઝોન બનાવી દેવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ભવન તરફ દોરી જતા માર્ગો પર ભાંગફોડ વિરોધી ટુકડી તેનાત રહેશે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. વડાપ્રધાનની ઓફિસ નોર્થ બ્લોક, સાઉથ બ્લોક જેવી નજીકની ઈમારતો ખાતે પહેલાથીી અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવનની ઉપર અવકાશમાં નો ફ્લાય ઝોનની જાહેરાત કરવામાં આવી ચુકી છે. પરંતુ સુરક્ષા સંસ્થાઓ કોઈ પણ તચક લેવા માંગતી નથી. કોઈ રડારમાં ન દેખાતા નાના વિમાનોને લઈને સુરક્ષા સંસ્થા સાવધાન રહેશે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મોદીની શપથવિધીને નિહાળવા માટે આશરે ૩૦૦૦ ભારતીય અને વિદેશી પ્રતિનિધી પહોંચે તેવી શક્યતા છે. જેથી રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આ વિધીને સુરક્ષિતરીતે પાર પાડવા માટે સુરક્ષા સંસ્થાઓની મોટી જવાબદારી રહેશે.

રાષ્ટ્રપતિ ભવન ૨૪-૨૫ તારીખે પ્રજાજન માટે બંધ

નવીદિલ્હી, તા. ૨૩

રાષ્ટ્રપતિ ભવનને શનિવારથી બે દિવસ માટે લોકો માટે બંધ રાખવામાં આવશે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી સોમવારના દિવસે શપથ લેનાર છે જેના ભાગરુપે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી શપથવિધિના કાર્યક્રમની તૈયારીના ભાગરુપે રાષ્ટ્રપતિ ભવન ૨૪ અને ૨૫મી તારીખે લોકો માટે બંધ રહેશે. ૨૪મી મેના દિવસે ચેન્જઓફ ગાર્ડ કાર્યક્રમ પણ યોજાશે નહીં. ચેન્જઓફ ગાર્ડ એક પરંપરા છે જે સેના સાથે જોડાયેલી છે. દર શનિવારે રાષ્ટ્રપતિ ભવનમાં આ લશ્કરી પરંપરાનું પાલન કરવામાં આવે છે. આ ઈમારતને સોમવારથી ગુરુવાર બંધ રાખવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવનની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, સાર્ક દેશોના વડાઓ અને અન્ય વીઆઈપી લોકો ઉપસ્થિત રહેનાર છે. વિદેશમંત્રાલયે કહ્યું છે કે, શ્રીલંકા, અફઘાનિસ્તાન, નેપાળ, ભૂટાન, માલદીવ જેવા દેશોમાંથી ટોચના નેતાઓ ઉપસ્થિત રહેનાર છે. બાંગ્લાદેશ તરફથી સ્પીકર પ્રતિનિધિત્વ કરનાર છે. એ દિવસે વડાપ્રધાન શેખ હસીના જાપાન જનાર છે. વાજપેયીની જેમ જ મોદીએ પણ પ્રાંગણમાં શપથ લેવાનો નિર્ણય કર્યો છે.

હકાલપટ્ટી કરાયેલા જશવંતની અડવાણી સાથે લાંબી વાતચીત

નવીદિલ્હી, તા. ૨૩

ભાજપના હકાલપટ્ટી કરવામાં આવેલા નેતા જશવંતસિંહ ભાજપમાં ફરી એન્ટ્રી કરવા ઈચ્છુક છે. જશવંતસિંહની હિલચાલને લઈને ફરી એકવાર રાજકીય ગરમી વધી ગઈ છે. જશવંતસિંહ આજે તેમના નિવાસસ્થાને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને મળ્યા હતા. લાલકૃષ્ણ અડવાણી સાથે જશવંતસિંહની ૩૦ મિનિટ સુધી ચર્ચા થઈ હતી. બાડમેરમાંથી ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે હાલમાં જ હારી ગયેલા જશવંતસિંહ સંપૂર્ણપણે ફેંકાઈ ગયા છે. ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાને ભાજપની વિરુદ્ધમાં ચૂંટણી મેદાનમાં ઉતારવાની જાહેરાત કર્યા બાદથી જોરદાર ખેંચતાણની સ્થિતિ સર્જાઈ હતી. અડવાણીની નજીક રહેલા સૂત્રોએ કહ્યું છે કે, અડવાણીએ આ બેઠકને એક કર્ટસી બેઠક તરીકે ગણાવી છે. ભૂતકાળમાં તેમની વચ્ચે ખુબ મજબૂત સંબંધ રહી ચુક્યા છે. જશવંતસિંહે તેમની હકાલપટ્ટી અંગે અગાઉ ખુબ દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમના વતન બાડમેરમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર કર્નલ સોનારામ ચૌધરી સામે તેમની ઉમેદવારી પાછી ખેંચવા જશવંતસિંહે ઈન્કાર કરતા તેમની હકાલપટ્ટી કરવામાં આવી હતી. જશવંતસિંહે ભાજપ સાથે આક્રમક વલણ અપનાવીને ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો. જશવંતસિંહની સોનારામ ચૌધરી સામે ૮૭૪૬૧ મતે હાર થઈ હતી. છ વર્ષ માટે જશવંતસિંહની હકાલપટ્ટી કરવામાં આવી હતી. ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાનની હાલત કફોડી બનેલી છે. જશવંતસિંહ પક્ષમાં ફરી એન્ટ્રી કરવા ઈચ્છુક છે તેવા અહેવાલ પણ આવી રહ્યા છે. જશવંતસિંહ તેમના પુત્ર માનવેન્દ્રના રાજકીય ભાવિ ઉપર ચર્ચા કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. માનવેન્દ્ર રાજસ્થાનમાં વર્તમાન ધારાસભ્ય છે પરંતુ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે પ્રચાર કર્યા બાદ ભાજપની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય પદેથી માનવેન્દ્રની પણ હકાલપટ્ટી કરાઈ હતી.

સમાચાર ઝલક

- બંગાળની ખાડીમાં ૫.૬નો ભુકંપ, સુનામીની શક્યતા નહિવત.
- સોનાની આયાતના નિયમો હળવા બનાવતી રીઝર્વ બેંક.
- અફઘાનિસ્તામાં ભારતીય દૂતાવાસ પર આતંકી હુમલો થયો.
- વિશ્વની ટોપ ૧૦ માર્કેટમાં ભારતને સ્થાન મળ્યું.
- ગોંડલમાં નિવૃત્ત શિક્ષકનાં હાથમાંથી રૂપિયા અઢી લાખની થેલીની ચીલઝપટ.
- રાજકોટમાં બેંક ઓફ ઇન્ડિયાના એન.આર.આઇ. ખાતામાં રૂપિયા ૩૫ લાખની ઉચાપત.
- થાઇલેન્ડમાં સત્તા કબ્જે કરતું સૈન્ય.
- નાઇજીરીયામાં ત્રાસવાદી સંગઠન જુથ બોકોહરામ વધુ ઝનૂની બન્યું.
- આગામી ૮મી જૂનથી ચોમાસાનો પ્રારંભ થવાની જ્યોતિષીઓની આગાહી.
- નિષ્ફળતાનો કોઇ માલિક નથી, રાહુલ ગાંધી પર આડકતરા હુમલાઓ શરૂ.
- ફિલ્મ અભિનેત્રી સુસ્મિતા સેને પોતાનો જન્મ દિવસ કેન્સરગ્રસ્ત નાના બાળકો સાથે વિતાવ્યો.
- માથામાં થઇ જતાં સોજાની સારવાર તાત્કાલિક થવી જોઇએ નહીં તો વિકલાંગતા આવે.
- રાજય સરકારનાં નવા મંત્રીમંડળમાં ભાવનગરની બાદબાકી.
- ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ તરીકે શ્રીનિવાસનને ફરજો બજાવતાં અટકાવતી સુપ્રીમ કોર્ટ.
- શનિવારે રાત્રે આકાશમાં દેખાશે અનોખો ઉલ્કા વર્ષાનો નજારો.
- સોનામાં કડાકો, ૧૦ ગ્રામે ૧૦૦૦ રૂપિયા તૂટ્યા.
- ભાજપના સંસદ સભ્યોનું ગૃહકાર્ય દર પંદર દિવસે વડાપ્રધાન મોદી જાતે ચકાસણી કરશે.
- ઉત્તરપ્રદેશમાં નેતાઓની સલામતી હાઇકોર્ટનાં આદેશથી પાછી ખેંચી લેવાઇ.
- ચીનમાં સૌથી મોટો આતંકી હુમલામાં ૩૧ વ્યક્તિઓનાં મોત.
- બ્રાઝિલ વર્લ્ડકપમાં ભાગ લેનાર ઇંગ્લેન્ડનો ખેલાડી વેન રૂમીને ઝેર અપાય તેવો ભય વ્યક્ત કરતી પત્ની.
- સૂરત જિલ્લામાં નાયબ મામલતદાર લાંચ લેતા રંગે હાથે ઝડપાયા.

અફઘાનિસ્તાનમાં ભારતીય દૂતાવાસ પર હુમલો

કાબુલ,તા. ૨૩

અફઘાનિસ્તાનના હેરાત પ્રાંતમાં ભારતીય વાણિજ્ય દુતાવાસ પર આજે સવારે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. જો કે ત્યાં તૈનાત રહેલા સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી જોરદાર જવાબી કાર્યવાહીમાં ચારેય ત્રાસવાદીઓ ફુંકાઈ ગયા હતા. આ અગાઉ ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવકતાએ ટ્વીટર પર કહ્યું હતું કે દુતાવાસમાં રહેલા તમામ ભારતીય કર્મચારીઓ સુરક્ષિત છે. વિદેશ સચિવ સુજાતા સિંહે અફગાનમાં અધિકારીઓનો સપંર્ક કર્યો હતો. સુત્રોએ કહ્યું છે કે ભારે વિસ્ફોટકોની સાથે સજ્જ બંદુકધારીઓએ ભારતીય સમય મુજબ શુકવારે વહેલી પરોઢે પોણા પાંચ વાગ્યા હુમલો કર્યો હતો. ભારતીય અધિકારીએ કહ્યું હતું કે આ હુમલા વેળા હુમલાખોરો પાસે રોકેટ, સંચાલિત ગ્રેનેડ હતા. મિડિયા અહેવાલમાં જણાવાયું છે કે ત્રાસવાદી વાણિજ્ય દુતાવાસની પાછળ એક ઘરમાં છુપાયેલા હતા અને તક મળતાની સાથે જ હુમલો કરી દીધો હતો. પોલીસ અધિકારીઓએ માહિતી આપી હતી કે વહેલી પરોઢે એક મકાનમાંથી મશીનગન અને રોકેટ દ્વારા હુમલો કરાયો હતો. ત્રણ ત્રાસવાદીએ આ હુમલો કર્યો હતો. હુમલો કરનાર ત્રાસવાદીઓ પૈકી ચારેયને ઠાર મારી દેવામાં આવ્યા હતા. કોઈ પણ ત્રાસવાદી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. ત્રાસવાદીઓ ખતરનાક ઈરાદા દરાવતા હતા. અફઘાનિસ્તાનમાંથી આ વર્ષના અંત સુધી વિદેશી સેનાની વાપસીની યોજના છે. આ દરમિયાન અફઘાનિસ્તાનમાં તાલિબાની હુમલામાં તાજેતરમાં વધારો જોવા મળી રહ્યો છે. ગયા વર્ષે ઓગષ્ટ મહિનામાં પાકિસ્તાનની સરહદ નજીક જલાલાબાદમાં ભારતીય વાણિજ્ય દુતાવાસ પર બોંમ્બ

હુમલાનો પ્રયાસ કરાયો હતો. જો કે આમાં નવ લોકના મોત થયા હતા. જેમાં છ બાળકોનો સમાવેશ થાય છે. કાબુલમાં ભારતીય દુતાવાસ પર વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯માં હુમલો કરવામાં આવ્યો હતો.જેમાં ૭૫ લોકોના મોત થયા હતા. જુલાઈ ૨૦૦૮માં કાબૂલમાં ભારતીય દૂતાવાસની બહાર આતંકવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો જેમાં ૪૧ લોકોના મોત થયા હતા અને ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટકો ભરેલી કારને આત્મઘાતી હુમલાખોરોએ ભારતીય દૂતાવાસના પ્રવેશદ્વાર સાથે ટકરાવી દીધી હતી જેના કારણે આ બનાવ બન્યો હતો. અફઘાનિસ્તાન વિશ્વમાં સૌથી અશાંત ક્ષેત્ર તરીકે છે. આતંકવાદી હુમલામાં તમામ ભારતીય રાજદ્વારીઓને કોઈપણ નુકસાન થયું ન હતું. તમામ બિલકુલ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ હુમલાના લીધે ભારતમાં આને લઈને ભારે ચર્ચા રહી હતી. અફઘાનિસ્તાનમાં ભારતીય રાજદૂત અમરસિંહાએ કહ્યું હતું કે, ચારેય હુમલાખોરોને ઠાર મારી દેવામાં આવ્યા છે.

ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

લોભે લક્ષણ જાય
લોભે સૌ સંતાપ
લોભે થાય અન્યાય
લોભે થાય અધર્મ
લોભે મટે માનસન્માન
લોભ પાપનું મૂળ છે.

વળી કેટલાક લોકો મમતીલા હોય છે પોતે જ કહે તે જ સાચું એ રીતે બીજા સાથે વર્તાવ રાખે છે કોઈ બાબતમાં પોતાનું ધાર્યું થાય અને પોતે ઈચ્છે તેમજ થાય, પોતાનું કહ્યું બધા જ માને પોતાનામાં જ બધું ડહાપણભર્યું હોય તેવા મમતીલા લોકો માટે શામળજીએ કટાક્ષ ભર્યો સંદેશો આપ્યો છે.

મમત ખર્ચાવે દ્રવ્ય,
મમત કપાવે શીશ,
મમત ઘટાડે ઘરબાર
મમત ચઢાવે આળ
મમત ઘટાડે માન
મમત મુકાવે રાજ
મમત મુકાવે શરમ
મમત ગુમાવે ચતુરાઈ
મમત કપાવે કિર્તી
મમત અપાવે અપજશ
મમત લાવે દુઃખના ડુંગરા
મમત રોપાવે ઝેર
મમતે મોટપ જાય

શામળજી આ છપ્પા દ્વારા ચેતનાનો સંદેશો આપવા માંગે છે કે માનવીએ મમત છોડવી જોઈએ. માનવીએ સંતોષથી, સ્વમાનથી જીવવું હોય તો જીવનમાંથી મમતનો ત્યાગ કરવો જોઈએ. આત્મશ્લાઘા છોડવી જોઈએ. પોતે જ જાણે કે મહાજ્ઞાની હોય તેમ બીજાને સાંભળ્યા સમજવા વગર મમત રાખી વટ રાખી જેને તેને સલાહ સૂચનો નવરો બેઠો આપ્યા કરે છે. આવા મમતીલા લોકોથી બારગાઉ છેટું રાખવું જોઈએ.

બિહાર કટોકટી : નીતિશ પર ભાજપના ઉગ્ર પ્રહાર

પટણા, તા. ૨૩

વિરોધ પક્ષ ભાજપે પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, બિહારમાં વર્તમાન કટોકટી માટે નીતિશકુમાર જવાબદાર છે. નરેન્દ્ર મોદી પ્રત્યે ખુબ જ ઘૃણાસ્પદ ભાવના રાખવા બદલ નીતિશકુમારને આ કિંમત ચુકવવી પડી છે. આગામી વર્ષની વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપ જોરદાર સપાટો બોલાવશે. નવા મુખ્યમંત્રી જીતન રામ દ્વારા રજૂ કરવામાં આવેલા વિશ્વાસમત ઉપર ચર્ચામાં ભાગ લેતા ભાજપના નેતા નંદકિશોર યાદવે કહ્યું હતું કે, બિહારમાં નેતૃત્વ પરિવર્તન લોકસભાની ચૂંટણીમાં ભાજપની જીતની આડઅસર છે. બિહાર વિધાનસભામાં ખાસ સત્રમાં નીતિશ ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બિહારમાં જેડીયુની હાલત કફોડી થઈ ગયેલી છે.

બુલેટ ટ્રેન દોડાવવા મોદી બુલેટની ઝડપથી કામ કરી રહ્યા છે

મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડશે પ્રથમ બુલેટ ટ્રેન : દિલ્હી-પટણા-વારાણસી રૂટને પણ પ્રાથમિકતા : સરકારની રચના પહેલા જ મોદીએ ધડાધડ કામ શરૂ કર્યું : એક પ્રતિનિધિ મંડળ ફ્રાન્સ પહોંચી પણ ગયું

નવી દિલ્હી, તા. ૨૩

નોમીનેટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર બને તે પહેલા બુલેટ ટ્રેન યોજના માટે બુલેટની ઝડપે કવાયત શરૂ થઈ છે. ચૂંટણી પરિણામો જાહેર થવાના ૪૮ કલાકની અંદર રેલવે બોર્ડના પ્રતિનિધિ મંડળ બુલેટ ટ્રેન યોજનાના અભ્યાસ માટે ફ્રાન્સની મુલાકાતે રવાના થઈ ગયું. આ મામલા પર હાઈસ્પીડ રેલ કોરીડોરના અધ્યક્ષે અમદાવાદમાં મોદી સાથે મુલાકાત પણ યોજી હતી. જેમાં તેમણે તુરંત કામ પર લાગી જવાનો નિર્દેશ આપ્યો હતો.

સુત્રોના જણાવ્યા પ્રમાણે ૧૬મી મેએ ચૂંટણી પરિણામો આવ્યા બાદ હાઈસ્પીડ રેલ કોરીડોરના અધ્યક્ષ સતિષ અગ્નિહોત્રીએ અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદીની મુલાકાત લઈ બુલેટ ટ્રેન યોજના પર ચર્ચા કરી હતી. તેમણે તર્ક આપ્યો હતો કે આને રાષ્ટ્રીય પરિયોજના જાહેર કરી દેશના લોકોન સપનાને પુરુ કરી શકાય તેમ છે.

તે પછી તરત મોદીએ તેમને યોજના પર ઝડપી આગળ વધવાનો નિર્દેશ આપ્યો. જેના પર અમલ કરતા રવિવારે રેલવે બોર્ડના વડા અરુણેન્દ્રકુમાર, રેલવે બોર્ડના સલાહકાર (ઈન્ફ્રા.) ગીરીશ પિલ્લઈ અને સતિષ અગ્નિહોત્રી ફ્રાન્સ રવાના થઈ ગયા. અત્રે એ નોંધનીય છે કે ભારત અને ફ્રાન્સ વચ્ચે હાઈસ્પીડ સ્ટીયરીંગ કમિટીની રચના અગાઉ થઈ હતી.

રેલવે અધિકારીઓએ આ કમિટીના સભ્યો તથા ફ્રાન્સના અધિકારીઓ સાથે મુંબઈ અમદાવાદ રૂટ પર બુલેટ ટ્રેન ચલાવવાની ટેકનીક, બીઝનેશ મોડેલ, નાણાંકીય સહાયતા વગરે પર હવે ચર્ચા કરશે. મુંબઈ અમદાવાદ રુટ પર ફિઝીબીલીટી રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ૧૫મી મે ૨૦૧૫ સુધીમાં તે પુરો થવાની સંભાવના છે. જો કે મોદીનો ડ્રીમ પ્રોજેકટ હોવાને કારણે અધિકારીઓ આ રિપોર્ટ તૈયાર થાય તે પહેલા ભુમિ સંપાદન, ડીપીઆર અને ટેકનીકલ બાબતોની તપાસમાં લાગી ગયા છે.

રેલવે મંત્રાલયના સુત્રોનું કહેવું છે કે દેશમાં પ્રથમ બુલેટ ટ્રેન મુંબઈ અમદાવાદ વચ્ચે દોડશે. તેના પર લગભગ ૭૦,૦૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. વધુ ખર્ચ હોવાથી તેનું ભાડુ પણ વધારે રહેશે.